# ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં અદ્યતન મશીનરીનું દાન કરાયું

ભિલોડા,તા.૨

ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં લાખ્ખો રૂપિયાની અદ્યતન સુવિધાસભર મશીનરીનું દાન કરાયું હતું.BI Pep મશીન,E.C.G. મશીન,10.B Type ઓક્સિજન સીલીન્ડર વીથ ફ્લો મીટરનું સ્વ.હંસાબેન મનસુખલાલ ઉપાધ્યાય,ભિલોડા,મુંબઈના સ્મરણાર્થે કોટેઝ હોસ્પિટલમાં દાન કરાયું હતું.સેવાભાવી હરવદનભાઈ મનસુખલાલ ઉપાધ્યાય,પરીવારનો કોટેઝ હોસ્પિટલ અધિક્ષક ડાં.હિનાબેન શાહ,ડાં.દિનેશભાઈ ડામોર,લેબ ટેકનીશીયન હબીબભાઈ મનસુરી,પાયલબેન ત્રિવેદી,કંદર્પભાઈ પટેલ સહિત સ્ટાફ પરીવારે દાતા પરીવારનો આભાર વ્યક્ત કર્યો હતો.દાનવીર દાતા પરીવારે દાનની સરવાણી વહેડાવી છે. કોરોના વાઈરસની મહામારી વચ્ચે બીજી લહેર ભયાનક પુરવાર થઈ છે.અપુરતી આરોગ્ય વિષયક સુવિધાઓના કારણે અનેક લોકો મોતના ખપ્પરમાં હોમાયા છે.કોરોના મહામારી વચ્ચે અદ્યતન સુવિધાસભર હોસ્પિટલો અને મશીનરીની તાતી જરૂરીયાત છે.

# ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા કોટેઝ હોસ્પિટલમાં સંતરાનું વિતરણ કરાયું

ભિલોડા,તા.૨

ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા ધ્વારા કોટેઝ હોસ્પિટલમાં સંતરાનું વિતરણ કરાયું હતું.સંપર્ક,સહયોગ,સંસ્કાર,સેવા,સમર્પણની અવિરત ભાવના સાથે સેવાકીય પ્રવૃત્તીઓમાં હંમેશા અગ્રેસર ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના પ્રમુખ રામઅવતારજી શર્મા,ઉપ પ્રમુખ,મંત્રી સહિત કારોબારી સભ્યો ધ્વારા કોરોના વાઈરસથી સંક્રમીત દર્દીઓને કોટેઝ હોસ્પિટલ, ભિલોડામાં સારવાર હેઠળના કોરોના સંક્રમીત દર્દીઓને સંતરા (માલ્ટા)નું વિતરણ કરાયું હતું.

# નશીલા પદાર્થનો વેપલો : ગાંભોઈ પંથકમાંથી એસ.ઓ.જી પોલીસે બાતમીના આધારે માદક પદાર્થો વેપલો કરનાર શખ્સની અટકાયત કરી

**રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર માદક પદાર્થનો ગાંજાનો ૧.૩૧૦ કિલોગ્રામનો જથ્થો કિં.રૂ. ૧૩ હજારના મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

હિંમતનગર (બ્યુરોઓફિસ) તા.૦૨

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં ડ્રગ્સ , ગાંજા સહિત નશીલા પદાર્થોનું સેવન અને હેરાફેરી અંતર્ગત અનેક નિરક્ષર ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો નર્કાગાર પરિસ્થિતિ માં ફેરવાઈ ગયા છે ત્યારે જિલ્લાભરમાં યુવાધનને બરબાદ કરનારા નશીલા પદાર્થોની હેરાફેરી કરનારા ઈસમો વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમ રેલ્વેજ ગુજરાત રાજ્ય ગાંધીનગર રાજ્ય સરકારે લાલ આંખ કરવાની સૂચના આપી છે જેને લઈને સાબરકાંઠા પોલીસ વિભાગ દ્વારા નશાનો કાળો કારોબાર કરતાં નશાખોરો સામે અભિયાન શરૂ કરવામાં આવ્યું છે ગાંજા સહિત નશીલા પદાર્થોની હેરાફેરી કરનાર વિરુદ્ધ સાબરકાંઠા પોલીસે લાલ આંખ કરી છે ત્યારે સાબરકાંઠા પોલીસ વિભાગના એસ.ઓ.જી ટીમ દ્વારા બાતમીના આધારે ગાંભોઈ પંથકના કેનપુર ગામમાંથી રહેણાંક મકાનમાંથી ગેરકાયદેસર માદક પદાર્થનો ગાંજાનો ૧.૩૧૦ કિલોગ્રામનો જથ્થો કિં.રૂ. ૧૩ હજારના મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી ગાંભોઇ પોલીસ મથકે એન.ડી.પી.એસ એક્ટ મુજબ ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે



**ગાંભોઈ પંથકમાંથી ગેરકાયદેસર માદક પદાર્થનો ગાંજાનો ૧.૩૧૦ કિલોગ્રામનો જથ્થો ઝડપાયો**

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાબરકાંઠા એસ.ઓ.જી પોલીસ ને ખાનગી બાતમીદાર દ્વારા એન.ડી.પી.એસની ખાનગી બાતમી મળતા ગાંભોઈ પંથકના કેનપુર ગામમાં રહેતા ભવાનસિંહ વીરસિંહ પરમાર ના રહેણાક મકાનમાં રેઈડ કરી ગેરકાયદેસર માદક પદાર્થનો ગાંજાનો ૧.૩૧૦ કિલોગ્રામનો જથ્થો કિં.રૂ. ૧૩ હજારના મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત કરી ગાંભોઈ પોલીસ મથકે એન.ડી.પી.એસ એક્ટ મુજબ ગુનો રજિસ્ટર કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે સાથે સાથે માદક ગાંજાના પદાર્થ સાથે હેરાફેરીમાં સંડોવાયેલા આરોપીને માદક પદાર્થ ક્યાંથી લાવ્યો અને ક્યાં વેચવાનું હતો એ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે

**સીઆઇડી, ક્રાઇમ રેલ્વેજ ગુજરાત રાજ્ય ગાંધીનગર રાજ્ય સરકારે લાલ આંખ કરવાની સૂચના આપી**

જિલ્લાભરમાં યુવાધનને બરબાદ કરનારા નશીલા પદાર્થોની હેરાફેરી કરનારા ઈસમો વિરુદ્ધ સીઆઈડી ક્રાઈમ રેલ્વેજ ગુજરાત રાજ્ય ગાંધીનગર રાજ્ય સરકારે લાલ આંખ કરવાની સૂચના આપી હતી જેને પગલે તા.૦૧/૦૬/૨૦૨૧ થી તા.૨૧/૦૬/૨૦૨૧ સુધી ૨૧ દિવસ સુધી એન.ડી.પી.એસ. એક્ટ મુજબ સ્પે. ડ્રાઈવ આપેલ હોઈ તેના ભાગરૂપે આ છાપો મારવામાં આવ્યો હતો.

# જન્મદિને વધામણી



કનૈયાલાલ એમ. શાહ (માનદમંત્રી : શ્રી કે. કે.શાહ આરોગ્ય મંડળ, વાત્રક) (૨૫, યમુનાકુંજ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



ભાવેશકુમાર જયંતિભાઈ પટેલ (પ્રા.શિક્ષક) (સાંઈવિલા સોસાયટી) બાયડ(આકરૂન્દ)



પાયલબેન ડાં.અલ્પેશભાઈ પટેલ (સ્વામિનારાયણ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



રવિ રાજેશભાઈ શાહ (યમુનાકુંજ સોસાયટી) બાયડ, જિ.અરવલ્લી



લલિત પટેલ(પત્રકાર) (ચેરમેન : રૂવચ દૂધ મંડળી) રૂવચ, તા.ઈડર

# પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા રાશન કિટનું વિતરણ

પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સાબરકાંઠા જિલ્લામા કોરોનાની મહામારી મા મૃત્યુ થયેલ હોય તેવા ૩૪૩ જરૂરીયાત પરિવારોને રાશન કીટ બનાવીને વિતરણ કરવામા આવી.

પ્રાંતિજ ખાતે કાર્યરત સર્જન ફાઉન્ડેશન સંસ્થા છેલ્લા ૨૦ વર્ષ થી સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ખાતે કાર્યરત છે અને પ્રાંતિજ ખાતે જીવન કૌશલ્ય તાલીમ કેન્દ્ર દ્વારા બહેનોને તાલીમ આપી પગભર કરવામા આવે છે અને ગ્રામ્ય કક્ષાએ પાંચ વર્ષ સુધી બાળકો માટે વિના મુલ્યે બાલવાડી નું શિક્ષણ આપવામા આવે છે તો આ સંસ્થા દ્વારા દર રવિવારે સંસ્થા ખાતે આંખની તપાસ રાહત દરે કરવામા આવે છે અને સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામા એક વર્ષ મા ૨૫ જેટલા વિના મુલ્યે નેત્ર-નિદાન સારવાર કેમ્પ રાખવામા આવે છે તો હાલ સંસ્થા દ્વારા કોરોના ની મહામારી ને ધ્યાને લઈ ને ૫૦૦૦ થી વધારે માસ્ક બનાવી વિના મુલ્યે વિતરણ કરવામા આવ્યા એમ કુલ-૩૪૩ જરૂરીયાત મંદ વ્યકિતઓને ૧ મહિનાની તેમના કુટુંબ ના સભ્ય પ્રમાણે રશનકીટ બનાવીને વિતરણ કરવામા આવી હતી તો સર્જન ફાઉન્ડેશન સંસ્થા



હતા તો કોરોના ની મહામારી મા મૃત્યુ પામેલ તથા ખરેખર જરૂરિયાત મંદોની યાદી બનાવી રાશન કીટ આપવામા આવી હતી જેમા પ્રાંતિજ તેમજ તાલુકામા કુલ ૧૪૫, તલોદ તાલુકામા ૧૫, પોશીના તાલુકામા-૧૨ , ખેડબ્રહ્મા તાલુકામા ૧૫૪, ઈડર, હિંમતનગર, હડાદ મા ૧૭ સાથે સંસ્થા ના પ્રોજેક્ટ ઓફિસર અશોકભાઈ, ઈન્સ્ટ્રક્ટર બહેનો નેહાબેન, શબાનાબેન તેમજ બાલવાડી કાર્યકર સવિતાબેન દ્વારા નોંધનીય કામગીરી કરવામા આવી હતી તો ગ્રામ ના સરપંચો તથા યુવાનો દ્વારા સુદર કામગીરી કરવામા આવી હતી.

# કોન્ટ્રાક્ટરોની બોલબાલા : અરવલ્લી સ્ટેટ વિભાગમાં તૈયાર થયેલા પાકા રોડની તપાસ થશે..!!

**ગમે તે ઘડીએ ક્વોલીટી કંટ્રોલ ટીમનું આગમન**

હિંમતનગર, તા.૦૨

અરવલ્લી સ્ટેટ વિભાગમાં તૈયાર થયેલા પાકા રોડમાં ભ્રષ્ટાચાર અંગે રાજ્ય સરકારમાં ફરિયાદ પછી ગમે તે ઘડીએ ક્વોલીટી કંટ્રોલ ટીમનું આગમન થઈ શકે છે. છેલ્લા કેટલાક સમયથી જિલ્લામાં ચાલી રહેલા કામોમાં કોન્ટ્રાક્ટરો અને એજન્સીઓની બોલબાલા વધી છે. અધિકારીઓના મોંઢા બંધ કર્યા હોવાથી કોન્ટ્રાક્ટરો સામે હરફ ઉચ્ચારી શકતા નથી તેવી લોકચર્ચાએ વેગ પકડ્યો છે.

રાજ્યની ભાજપ સરકાર તમામ વિસ્તારના યોગ્ય વિકાસ સાથે પ્રજાને સારા ડામર માર્ગો મળે તે માટે દર વર્ષે કરોડો રૂપિયાના ખર્ચે હયાત રોડનું નવીનીકરણ તેમજ નવા રોડનું નિર્માણ થઈ રહ્યું છે પરંતુ પાછલા ૨-૩ વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સ્ટેટ વિભાગ આર. એન્ડ બી. દ્વારા તૈયાર કરાયેલા ડામર રોડની ચકાસણી કરાય તો ઠેકઠેકાણે ગાબડાં પડ્યાં છે. યોગ્ય લેવલ જળવાયું નથી અને ડામરનો જેટલો ઉપયોગ કરવો જોઈએ તેના કરતાં ઓછો ઉપયોગ થયો છે. રોડના કામનું નિર્માણ થતું હોય ત્યારે વિભાગના અધિકારીઓ પ્લાન્ટ ઉપર હાજરી આપવાની હોય છે પરંતુ તેમાં પણ લાલીયાવાડી ચાલી છે જેથી કોન્ટ્રાક્ટર વધુ ને વધુ નફો મેળવી શકે. ઉત્તર ગુજરાતના અન્ય જિલ્લાઓમાં થયેલા ડામર રોડ ટકાઉ છે. જ્યારે અરવલ્લી જિલ્લામાં સ્ટેટ વિભાગ દ્વારા તૈયાર કરાયેલા રોડ ગણતરીના મહિનાઓમાં ઉબડ ખાબડ બની રહ્યા છે. અરજદારે અધિકારીના નામ સાથે સરકારમાં કરેલી ફરિયાદમાં તથ્ય છે કે કેમ..?? તે આવનારા દિવસોમાં બહાર આવશે પરંતુ અત્યારે તો રાજ્ય સરકાર સ્તરેથી અરવલ્લી જિલ્લાના પાકા રોડની તપાસ થઈ શકે છે.

# નામચીન બુટલેગર લાલુ સીંધી ઝડપાયો, સાબરકાંઠા-અરવલ્લીના બુટલેગરોની ઉંઘ હરામ

**કેટલાક ખાખી વર્દીધારીઓના સંપર્કો પણ ખૂલે તેવી સંભાવના**

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

રાજ્યમાં દારૂના સપ્લાયના મોટો વેપારી ગણાતો નામચીન બુટલેગર લાલુ સીંધી ઝડપાતાં સાબરકાંઠા, અરવલ્લીના અનેક નામચીન બુટલેગરોની ઉંઘ હરામ થઈ ગઈ છે. લોકચર્ચા તો એવી છે કે પોલીસ નામચીન બુટલેગરની યોગ્ય ઢબે તપાસ હાથ ધરે તો કેટલાક ખાખી વર્દી ધારીઓના સંપર્કો ખૂલી શકે છે. આમેય અરવલ્લી જિલ્લાના અનેક પોલીસ કર્મીઓ બુટલેગરો સાથે ઘરોબો ધરાવતા હોય છે અને દારૂની તસ્કરી પણ જગજાહેર છે.

ગુજરાતમાં માત્ર નામ પૂરતી જ દારૂબંધી હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. દર વર્ષે જિલ્લાની શામળાજી સરહદ ઉપરથી કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપાય છે પરંતુ પોલીસ ઝડપી શકતી નથી તેવો માતબર રકમનો દારૂ બુટલેગરોના ઈશારે સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, ખેડા, આણંદ, વડોદરા અને મહિસાગર જિલ્લામાં ઠલવાતો આવ્યો છે. દારૂના વેપલામાં લાલચંદ ઉર્ફે લાલુ હિંમતદાસ ખાનાની ઉર્ફે લાલુ સીંધી સૌથી મોટા લીકર કીંગ તરીકે પોલીસ ચોપડે નોંધાયેલો છે. જે વડોદરામાંથી રાજસ્થાન તરફ ભાગી છૂટવાનો છે તેવી બાતમીના આધારે એલ.સી.બી.એ વડોદરાના એક્સપ્રેસ ટોલનાકા પાસે તેને દબોચી લીધો હતો. જાણવા મળ્યા મુજબ કોઈ જિલ્લો એવો નહીં હોય કે ત્યાં લાલુ સીંધીના નામે ગુનો નોંધાયો નહીં હોય. લાલુ સીંધીની ધરપકડથી દારૂના સપ્લાયમાં ઓટ આવવાની નથી પરંતુ નામચીન બુટલેગર કયા પોલીસ અધિકારીઓને છાવરતો હતો, જિલ્લા દીઠ તેના કયા કયા કેરીયર હતા..?? તે કયા સ્થળે લાખોનો વિદેશી દારૂ ઉતારી કટીંગ કરાવતો હતો..?? તેની વિગતો સામે આવે તો અનેક પોલીસ અધિકારીઓના પગ નીચેથી ધરતી ફસકી પડે તેવી સ્થિતિ પણ જોવા મળી શકે છે. મળેલી જાણકારી અનુસાર લાલુ સીંધી ગેંગસ્ટરો અને બુટલેગરો સાથે લાંબા સમયથી સંકળાયેલો હતો અને અરવલ્લી તેમજ મધ્ય ગુજરાતમાં તેનું દારૂ સપ્લાયનું મોટું નેટવર્ક પોલીસની ધોંસ છતાં જળવાયેલું રહ્યું છે. લાલુ સીંધી ઝડપાયા પછી પોલીસ તપાસમાં તે કોના સંપર્કમાં હતો, તેને કોની સાથે વાત કરી તે તમામ વિગતો જાહેર કરવી જોઈએ.

# પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામમાં બાપા સીતારામનો ૧૬ મો પાટોત્સવ ઉજવાયો

**કોરોનાને લઈને સમગ્ર કાર્યક્રમ રંધ કરવામા આવ્યા : સાંદગી પૂર્વક પાટોત્સવ યોજાયો**





પ્રાંતિજ તા.૩

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના તાજપુર ગામમા બાપા સીતારામ નો ૧૬ મો પાટોત્સવની સાંદગી પૂર્વક ઉજવણી કરવામા આવી.

પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામે આવેલ બાપા સીતારામ મંદિર નો ૧૬ મો પાટોત્સવ ઉજવાયો હતો જેમાં દર વર્ષે પાટોત્સવ માં શોભાયાત્રા ,હવન અને મહાપ્રસાદ નું સુંદર આયોજન કરવામાં આવતું હતુ તયારે આ વખતે કોરોના રોગ ની મહામારી ના લીધે તમામ કાર્યક્રમો મોકૂફ રાખવા માં આવ્યા હતા તો આ વખતે સરકાર ના નિયમ નું પાલન કરી સોસીયલ ડિસ્ટન્સ જાળવી માસ્ક પહેરી ને ફક્ત હોમ હવન કરી આ પાટોત્સવ ની ઉજવણી કરી હતી જેમાં સવારે હોમ હવન તેમજ સાંજે ધજા રોહણ અને આરતી નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જીજ્ઞેશભાઈ વ્યાસ દ્વારા વિધિવત પૂજા કરવામાં આવી હતી ત્યારે આ.સમગ્ર પાટોત્સવ નું આયોજન બાપા સીતારામ યુવક મંડળ દ્વારા કરવામાં આવ્યું હતું.

# અવસાન નોંધ..



બાયડ : બાયડના ચિરાગભાઈ પટેલ(પ્રા.શિક્ષક : કુંપાજીનામુવાડા, તા.કપડવંજ)ના માતા મધુબેન સોમાભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન પરિસ્થિતિના કારણે ટેલિફોનિક બેસણું આજે તા.૩ જૂન, ગુરૂવાર સવારે ૯-૦૦ થી ૧-૦૦ તેમના નિવાસસ્થાન ગીરીરાજ કેમ્પસ, જનતા ગારમેન્ટ પાછળ, બાયડ રાખેલ છે.

# પ્રાંતિજ પોલીસ દ્વારા સુરક્ષા સેતુ સોસાયટી અંતર્ગત સુરક્ષા સેતુ રથ દ્વારા જાણકારી અપાઈ

પ્રાંતિજ, તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પ્રાંતિજ પોલીસ દ્વારા સુરક્ષાસેતું સોસાયટી અંતર્ગત સુરક્ષા સેતું રથ દ્વારા લોકોને લોક જાગૃતિ અને જનહિત અનુલક્ષી પ્રવૃત્તિઓ વિષે જાણકારી આપવામા આવી હતી.

ગાંધીનગર પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા, સાબરકાંઠા જિલ્લાના પોલીસ અધિક્ષક નિરજ કુમાર બડગૂજર, નાયબ પોલીસ અધિક્ષક કે.એચ.સૂર્યવંશી હિંમતનગરના માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા પોલીસ સુરક્ષાસેતું સોસાયટી અંતર્ગત ગાંધીનગર રેન્જ કક્ષાથી ફાળવવામાં આવેલ સુરક્ષા સેતું રથને પ્રાંતિજ પોલીસ સ્ટેશનના પીઆઈ પી.એલ વાઘેલના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ શહેર તથા પ્રાંતિજ તાલુકામા સરકાર દ્વારા બહાર પાડવામા આવેલ નોવેલ કોરોના વાયરસ કોવિડ-૧૯ની ગાઈડ લાઈનનુ પાલન કરવા તેમજ લોકજાગૃતિ જનહિત માટે સુરક્ષાસેતું રથ પરિભ્રમણ કરી સાઈબર ક્રાઈમ, ટ્રાફિક જાગૃતિ, મહિલા સુરક્ષા તેમજ યોજનાઓ તથા બાળકો માટેની યોજના તથા કાયદાઓ તેમજ સીનીયર સીટીઝન ની સુરક્ષા ને અનુલક્ષીને વિવિધ પ્રવૃત્તિઓ વિષે જાણકારી આપવામા આવેલ, પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં આ સુરક્ષા સેતું રચના પરિભ્રમણ દરમ્યાન લોકો દ્વારા દરમ્યાન લોકો દ્વારા રથને ઠેરઠેર આવકાર આપી સારો પ્રતિસાદ મળ્યો હતો અને પ્રાંતિજ પીઆઈ પી.એલ વાઘેલ ના માર્ગદર્શન હેઠળ પ્રાંતિજ શહેર તેમજ પ્રાંતિજ તાલુમા સુદર આયોજન કરવામા આવ્યુ.

# કોડિયાવાડા પાસે રોડ ઉપર સ્કૂટીનો ફિલ્મી ઢબે પીછો કરી પોલીસે વિદેશી દારૂ સાથે ગાડી ગામના યુવાનને ઝડપી લીધો

હિંમતનગર (બ્યુરો ઓફિસ) તા.૦૨

વિજયનગર તાલુકાના કોડિયાવાડા પાસે રોડ ઉપર ગત રાત્રે પેટ્રોલીંગ દરમિયાન સ્કૂટીનો પીછો કરીને સ્કૂટી પકડી પાડીને ચિઠોડા પોલીસે વિદેશી દારૂની ૨૭ બોટલો સાથે ગાડી ગામના યુવાનને ઝડપી લીધો હતો. જેમાં વિદેશી દારૂનો જથ્થો અને રૂ.૩૦ હજારની સ્કૂટી મળીરૂ.૪૪૧૭૫ નો મુદ્દામાલ કબજે લીધો છે. પોલીસ મહાનિરીક્ષક અભય ચુડાસમા, જિલ્લા પોલીસ અધિક્ષક નીરજકુમાર બડગુજરની સુચનાથી તથા નાયબ પોલીસ અધિક્ષક ડી.એમ.ચૌહાણના માર્ગદર્શન હેઠળ ચિઠોડા પો.સ.ઈ. એમ.એચ.

**પોલીસે વિદેશી દારૂનો જથ્થો અને રૂ.૩૦ હજારની સ્કૂટી મળી રૂ.૪૪૧૭૫/- નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી**

પરાડિયા ગત રાત્રે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન કોડિયાવાડા પાસે રોડ સામેથી આવતું દ્વિચક્રી વાહન સ્કૂટીના ચાલકે પોલીસ વાં જોતાં જ પોતાના કબજાની સ્કૂટી દોડાવી મુકતા પોલીસે તેનો પીછો કરીને તેને પકડી પાડી હતી અને તેની તલાશી લેતા સ્કુતીના વચ્ચેના ભાગેથી વિદેશી દારૂની તેમજ બીયરની બોટલો મળી કુલ બોટલ નંગ ૨૭. - તથા રૂ. સ્કુટી ઉજીજે ૦૯ ડીજી ૦૫૬૯ ની કી.રૂ ૩૦,૦૦૦/-મળી રૂ.રૂ.૪૪૧૭૫ નો મુદ્દામાલ કબજે લીધો છે.

આ પ્રોહીબિશનના ગુનામાં આરોપી વિજયકુમાર નાનજીભાઈ કટારા (ઉવ.૩૦ રહે. ગાડી તા.વિજયનગર વાળા)ને પકડી જેલ હવાલે કરી વધુ તપાસ ચિઠોડા પોલીસે હાથ ધરી છે.

# પ્રાંતિજ પોલીસે બોરીયા સીતવાડા ગામેથી ચાર લિટર દેશી દારૂ સાથે એક ઈસને ઝડપી પાડ્યો

પ્રાંતિજ, તા.૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડા ગામેથી પ્રાંતિજ પોલીસે ચાર લિટર દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો હતો અને તેની વિરૂધ્ધ કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાંતિજ પોલીસ પ્રાંતિજ ના મજરા ગામ બાજુ પેટ્રોલિંગમાં હતી તે દરમ્યાન ફરતા ફરતા બોરીયા સીતવાડા ગામમાં પ્રવેશ કરતા ખાનગી રાહે બાતમી મળી હતી કે બોરીયા સીતવાડા ખાતે રહેતા ગામના કનુસિંહ આદરસિંહ રાઠોડ બોરીયા ગામની સીમ મા કેનાલ પાસે દેશી દારૂ નું વેચાણ થતું હોવાની બાતમી મળતા પ્રાંતિજ પોલીસ દ્વારા બોરીયા સીતવાડા ગામે બાતમી મળેલ જગ્યાએ જઈને તપાસ કરતાં બોરીયા સીતવાડા ગામમાં રહેતા કનુસિંહ આદરસિંહ રાઠોડ ઉપર.વર્ષ.- ૪૫ .રહે.બોરીયા સીતવાડા તા.પ્રાંતિજ , જી.સાબરકાંઠા દ્વારા બોરીયા ગામની સીમ મા કેનાલ પાસે રેઈડ દરમ્યાન પ્લાસ્ટિક ના કેનમાં વગર પાસ પરમીટ વગર દેશી દારૂ ચાર લિટર જેની કિંમત રૂપિયા- ૮૦ જે વેચાણ કરવા માટે રાખેલ હોય પોલીસ રેઈડ દરમ્યાન મળી આવતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૬૫ એ-એ મુજબ ગુનો નોધી અટકાયત કરી તેની સામે કાયદેસર ની કાર્યવાહી હાથધરી હતી .

# ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા મીનરલ ઠંડા પીવાના પાણીની પરબનો શુભારંભ




ભિલોડા,તા.૨

ઉનાળાની કાળઝાળ ગરમી દરમ્યાન પ્રજાજનો પરસેવાથી રેબઝેબ થઈ રહ્યા છે.જલ સેવા એ જ પ્રભુ સેવાના સુત્રનો દાતા પરીવારે સાર્થક કર્યુ હતું.ભિલોડા ભારત વિકાસ પરીષદ શાખા દ્વારા સંચાલિત કોટેઝ હોસ્પિટલ સામે મીનરલ ઠંડા પીવાના પાણીની પરબનો સેવાભાવી દાતાના સહયોગથી શુભારંભ કર્યો હતો.ભારત વિકાસ પરીષદ,ભિલોડા શાખાના પ્રમુખ રામઅવતારજી શર્મા,મુકેશભાઈ પંચાલ,મહિપતસિંહ રાઠોડ,નરેશભાઈ પંચાલ,સંજયભાઈ પંચાલ સહિત સેવાભાવી કાર્યકરો ધ્વારા મીનરલ ઠંડા પીવાના પાણીની પરબનો શુભારંભ કર્યો હતો.